# ભાવનગર મહાનગરપાલિકા - ભાવનગર

**જાહેરાત ક્રમાંક :- BMC/૨૦૨૩૨૪/૩ ભાવનગર મહાનગરપાલિકાના"સીનીયર ક્લાર્ક અને જુનીયર ક્લાર્ક "સંવર્ગની હાલ ખાલી રહેલ તથા ભવિષ્યે ખાલી પડનાર જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે http://ojas.gujarat.gov.in વેબસાઈટ પર તા.૨૦/૦૪/૨૦૨૩, ૧૪:૦૦ કલાક થી તા. ૦૫/૦૫/૨૦૨૩ ૨૩:૫૯ કલાક સુધીમાં ઓન લાઈન ઉમેદવારી કન્ફર્મ કરવા જણાવવામાં આવે છે.**

**ખાસ નોંધ:-ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સીધી ભરતીથી જગાઓ ભરવા માટે અરજી મંગાવેલ છે તે તમામ સંવર્ગોની લેખિત પરીક્ષા એક જ તારીખ અને સમયે લેવાનાર છે જે ધ્યાને લઈ આ સંવર્ગમાં અરજી કન્ફર્મ કરવા તમામ ઉમેદવારોને જણાવવામાં આવે છે.**

**જગ્યાનું નામ :- સીનીયર ક્લાર્ક**
**સીધી ભરતીથી જગ્યાઓ ભરવાનું માહિતી દર્શાવતું પત્રક.**

| ક્રમ | જગ્યાનું નામ | ભરવા પાત્ર કુલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | સીનીયર ક્લાર્ક | ૨ |
| ૨ | જુનીયર ક્લાર્ક | ૩ |

**૧.શૈક્ષણિક લાયકાત :-**

**૧. માન્ય યુનીવર્સીટીના કોઈપણ વિધાશાખાના સ્નાતક અથવા સમકક્ષ**

**૨. ગુજરાત સિવીલ સર્વિસીઝ ક્લાસીફીકેશન અને રીક્રુટમેન્ટ રૂલ્સ ૧૯૬૭ મુજબ પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેનું માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.**

**૩. ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજીનું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.**

**૨.પગાર ધોરણ :-**

**સીનીયર ક્લાર્ક**

(૧) પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ. ૧૯,૯૫૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે –મેટ્રિક્સ લેવલ-૪ સ્કેલ રૂા-૨૫૫૦૦-૮૧૧૦૦ નિયમિત નિમાણુંક મેળવવાને પાત્ર થશે.

**જુનીયર ક્લાર્ક**

(૨) પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ. ૧૯,૯૫૦/- નિયત થયેલ ફિક્સ પગાર મળશે. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે જણાયે સાતમાં પગારપંચ મુજબ પે –મેટ્રિક્સ લેવલ-૨ સ્કેલ રૂા-૧૯૯૦૦-૬૩૨૦૦નિયમિત નિમાણુંક મેળવવાને પાત્ર થશે.

**૩. ઉંમર :-** અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ ઉંમર ૩૬ વર્ષથી વધુ ન હોવી જોઈએ

**૪.વયમર્યાદા:-**

(૧) ૧૮ વર્ષથી ઓછી ઉંમરનો અને ૩૬ વર્ષથી વધુ ઉંમરનો ન હોવો જોઈએ ભાવનગર મહાનગરપાલિકાના કર્મચારીઓને ઉમરનો બાદ લાગુ પડશે નહિ. પરંતુ અધિકતમ વયમર્યાદા ૪૫ વર્ષની રહેશે.

(૨) મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના ઉમેદવારો(આર્થિક રીતે નબળા વર્ગ સહિત) તમામ મહિલા વિકલાંગ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબની છુટછાટ મળવા પાત્ર રહેશે.**(ક્રમ નં ૫ ના કોષ્ટકમાં દર્શાવેલ અનામત જગાની વિગતો અનુસાર જે જગા ભરવાપાત્ર છે તે જ અનામત વર્ગના ઉમેદવારોને નિયમાનુસારની છુટછાટ મળવાપત્ર થશે. જેની નોધ લેશો.)**

| | |
|---|---|
| ૧. સામાન્ય મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૨. અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૩. અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૪. સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| ૫. સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૬. અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૭. અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |

૮. **માજી સૈનિક ઉમેદવાર માટે :-**

(I) માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીના ધારાધોરણ મુજબ છુટછાટ મળવાપાત્ર છે.

(II) ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઈએ, માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં તથા પરિશિષ્ટમાં માજી સૈનિક તરીકે ફરજ બજાવ્યાના સમયગાળાની વિગતો આપવાની રહેશે. માજી સૈનિક ઉમેદવારે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરી દ્વારા નિયત નમુના મુજબનું કાયદા દ્વારા અધિકૃત કરેલ અધિકારીની સહિવાળ6 સહિવાળું,સશસ્ત્રદળોમાં ઉમેદવારના નોકરીના સમયગાળા દર્શાવતું પ્રમાણપત્ર

www.crexammaterials.in

ભાવનગર મહાનગરપાલિકા સમક્ષ માંગણી થયેથી રજુ કરવાનું રહેશે. જો ઉમેદવારે તેની ઓનલાઇન અરજીમાં માજી સૈનિક કેટેગરીમાં ક્લીક કરેલ હોય અને ભવિષ્યમા ભાવનગર મહાનગરપાલિકા દ્વારા માંગણી કરાય ત્યારે જો ઉમેદવાર માજી સૈનિક તરીકેના અધિકૃત આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ઉમેદવારનો માજી સૈનિક તરીકે નોકરી મેળવવા અંગેનો હક્ક દાવો ધ્યાને લેવામાં આવશે નહી અને માજી સૈનિક માટે ઠરાવેલ મેરીટ અન્વયે પસંદગી થયેલ હશે તો પસંદગી / નિમાણૂંક રદ કરવામાં આવશે. જેની ઉમેદવારે નોંધ લેવી.માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (જનરલ, એસ.સી, એસ.ટી, એસ.ઇ.બી.સી.,આર્થિક રીતે નબળા વર્ગ) સામે સરભર કરવામાં આવશે માજી સૈનિકની અનામત જગ્યાઓ માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે તે કેટેગરીનાં અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે

(૩) તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત, તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

(૪) તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત,અનુભવ અને નોન ક્રિમિલિયર સર્ટિફિકેટ અરજી છેલ્લી તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

**નોંધ :-**

(૧) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિનઅનામત કક્ષાના લાગુ પડશે.

(૨) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

**૫. અનામત જગ્યાઓની વિગત**

| જગ્યાનું નામ | કુલ જગ્યા | **અનુસુચિત જાતિ** | | **અનુસુચિત જનજાતિ** | | **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ** | | **આર્થિક રીતે પછાત વર્ગ** | | **બિન અનામત** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **સામાન્ય** | **મહિલા** | **સામાન્ય** | **મહિલા** | **સામાન્ય** | **મહિલા** | **સામાન્ય** | **મહિલા** | **સામાન્ય** | **મહિલા** |
| સીનીયર કલાર્ક | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| જુનીયર કલાર્ક | ૩ | ૦ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

- સરકારશ્રીની સ્થાયી પ્રવર્તમાન સુચનાઓ મુજબ આ સંવર્ગની કુલ ખાલી જગ્યાઓ પૈકી અનુસુચિતજાતિ(S.C.), અનુસુચિત જનજાતિ(S.T.) , સા.શૈ.પ.વર્ગ(S.E.B.C.) .),આર્થિક રીતે નબળા વર્ગ(EBC) માટે અનામત રાખવામાં આવશે.
- તદઉપરાંત (અ) માજી સૈનિક માટે જે-તે કેટેગરીમા ૧૦ ટકા જગ્યાઓ (બ) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે ૩ ટકા જગ્યાઓ અને (ક) મહિલાઓ માટે ૩૩ ટકા અનામત રખવામાં આવશે.

**(૧) મહિલા ઉમેદવારો માટે : -**

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાકં -સીઆરઆર / ૧૦૯૬/૨૨૧૩/ગ.૨(ભાગ-૧) તથા તા.૦૧/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાકં:સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ ની જોગવાઈઓ ધ્યાને લઈને, મહિલાઓ માટે અનામત જગાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગા સંબંધિત કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી.,ઈ.બી.સી) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

**(૨) વિધવા ઉમેદવારો માટે :-**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કોલમ સામે હા અવશ્ય લખવું અન્યથા લાગુ પડતુ નથી એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજીપત્રકમાં તે કોલમ સામે હા અવશ્ય લખવું અન્યથા લાગુ પડતું નથી એમ દર્શાવવું.

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો, ઉમેદવારે નિમાણૂંક સતાધિકારી/ ભાવનગર મહાનગરપાલિકા સમક્ષ પ્રમાણપત્ર ચકાસણી સમયે પુન: લગ્ન કરેલ નથી તેવું એફીડેવિટ અચૂક રજુ કરવાનું રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ મુજબ લેખિત પરીક્ષામાં તેઓએ મેળવેલ કુલ ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇપણ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે વિધવા ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે વિધવા બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરે તો તેની રજુઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને વિધવા મહિલા ઉમેદવાર તરીકેના લાભ આપવામાં આવશે.

**(૩) માજી સૈનિક ઉમેદવારો માટે :-**

- ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઇએ
- માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી ( જનરલ, એસ.સી, એસ.ટી, એસ.ઇ.બી.સી.ઇ.ડબલ્યુ.એસ.) સામે સરભર કરવામાં આવશે.માજી સૈનિકની અનામત જગ્યાઓ માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે તે કેટેગરીનાં અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

**(૪) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે :-**

- શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોની અનામત રાખેલ ૩ ટકા જગ્યાઓ સામે પસંદગી પામેલ ઉમેદવારને જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. શારીરિક અશકત વ્યકિતઓ માટે જગ્યાઓ અનામત રાખવા બાબતે નીચે મુજબની જોગવાઇ થયેલ છે.

| ક્રમ | વિકલાંગતાની કેટેગીરી | અનામત જગ્યાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | શ્રવણની ખામી | ૧.૫ | HH- Hearing handicapped |
| ૨ | હલનચલનની અશકતતા અથવા મગજનો લકવા | ૧.૫ | OA<br>(OA- one arm affected ( R or L )<br>a. Impaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic<br>OAL =one arm and one leg affected |

- શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રકમાં ચોકકસ માહિતી આપવાની રહેશે.
- ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકા કે તેથી ઓછી શારીરિક અશકતતા ધરાવતા હોય તેવા ઉમેદવારોને જ શારીરિક અશકતતાનો લાભ મળવાપાત્ર રહેશે શારીરિક અશકતતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧) શ્રવણની ખામી (૨) હલનચલન અશકતતા અથવા મગજનો લકવો તે પૈકીની કઇ શારીરિક અશકતતા છે તે સ્પષ્ટ દર્શાવવું.
- શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગનાતા.૦૧-૧૨-૨૦૦૮ના પરીપત્ર ક્રમાંક:-પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-2 થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવીલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર જ માન્ય ગણવામાં આવશે. તેમજ આ અસલ પ્રમાણપત્ર નિમણૂંક અધિકારી/ ભાવનગર મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવામાં નહિ આવે, તેવા કિસ્સામાં જે તે ઉમેદવારને શારીરિક અશકત ઉમેદવાર તરીકેનો લાભ મળવા પાત્ર થશે નહિ અને પસંદગી / નિમણૂંક રદ કરવામાં આવશે. શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે ઓનલાઇન અરજીમાં અશકતતા પ્રકાર,પ્રમાણપત્ર નંબર અને તારીખ યોગ્ય કોલમમાં અચુક દર્શાવવાના રહેશે.
- શારીરિક અશક્તતાની જગ્યા જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે.જો શારીરિક અશકતતાના કિસ્સામાં જે તે કેટેગરી માટે નિયમાનુસાર અનામત રાખવામાં આવેલ જગ્યાઓ સામે લાયક ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તેવા કિસ્સામાં તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.

**(૫) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે:-**

- સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરીશિષ્ટ – (ક) મુજબનું અથવા ઉકત વિભાગના તા.૨૭-૦૪-૨૦૧૦ ના ઠરાવથી નિયત કરાયેલ ગુજરાતી નમૂના પરીશિષ્ટ-૪ મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- તારીખ ૦૧-૦૪-૨૦૨૧ ના રોજ કે ત્યારબાદ ઇસ્યું થયેલ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્રની મહત્તમ અવધિ ઇસ્યું થયા વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષની રહેશે. પરંતુ આવુ પ્રમાણપત્ર ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યું થયેલ હોવું જોઇએ.

**(૬) આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે:-**

- આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં કે સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:ઈ.ડબ્લ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ મુજબ નિયત થયેલ ગુજરાતી નમૂના પરિશિષ્ટ-ગ મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- આવું પ્રમાણપત્ર ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ થયેલ હોવું જોઇએ.

**(૭) કોમ્પ્યુટરની જાણકારી :-**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા-૧૩/૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ નં.સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩ ૨૦-ગ-૫ , થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઇએ અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબકકે આવુ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે, પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવુ પ્રમાણપત્ર નિમણૂંક મેળવતા પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહિ.તેમજ નિમણૂંક સતાધિકારી/ભાવનગર મહાનગરપાલિકા આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી રદ કરશે.

## જાહેરાતની સામાન્ય જોગવાઈ

૧. નાગરિકત્વ:-

- ઉમેદવાર,
  - (ક) ભારતનો નાગરિક હોય અથવા
  - (ખ) નેપાળનો પ્રજાજન હોય અથવા
  - (ગ) ભુતાનનો પ્રજાજન હોય અથવા
  - (ઘ) મૂળ ભારતની વ્યકિત હોય,

અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન,મ્યાનમાર,શ્રીલંકા, કેન્યા,યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો,ટાન્ઝાનિયાનો સંયુકત પ્રજા સત્તાક,(અગાઉ ટાન્ગાનિકા અને ઝાંઝીબાર,) ઝામ્બીયા, મલાવી,ઝૈર, ઈથોપીયાઅને વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવી હોય.પરંતુ (ખ),(ગ),(ઘ) વર્ગ હેઠળ આવતાઉમેદવારના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ.

**નોંધ :-** જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક ભાવનગર મહાનગરપાલિકા વિચારણામાં લેશેઅને જો નિમણૂંક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિયમાનુસાર તેમનાં કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર ઉમેદવાર દ્વારા રજૂ થવાની શરતે કામચલાઉ નિમણૂંક આપશે.

૨.ભરેલા અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે બીન અનામત વર્ગ માટે નિયત રૂ. ૫૦૦/- તથા અનામત વર્ગના ઉમેદવારે રૂ.૨૫૦/- ફી ભરવાની રહેશે.

(૨) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

(૩) ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં જણાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થાની માર્કશીટ (બધા જ વર્ષો/સેમેસ્ટર)ના અસલ પ્રમાણપત્રો તથા તેની સ્વપ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.તેમજ અનુભવ અંગેના પ્રમાણપત્રો પણ રજુ કરવાના રહેશે.કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યા અનામત ના હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) કોઈપણ સંજોગોમાં અરજી ફી પરત મળવા પાત્ર નથી.

૩.શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઈએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ.

(૩) ડોક્યુમેન્ટ વેરીફિકેશન વખતે ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં જણાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થાની અસલ માર્કશીટ (બધા જ વર્ષો/સેમેસ્ટર)તથા તેની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહીં.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્કદાવોહોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૪. ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી /સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/ કર્મચારીઓ ભાવનગર મહાનગરપાલિકાની જાહેરાતના સંદર્ભમાં બારોબાર ઓનલાઇન અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ ખાતા /કચેરીને અરજી કર્યાની તારીખથી દિ-૭ માં અચુક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ 30 દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ થવા પાત્ર રહેશે.

(૨) ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૫.ગેરલાયક ઉમેદવાર :-

(૧) ભાવનગર મહાનગરપાલિકા કે અન્ય મહાનગરપાલિકા અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી /સરકાર હસ્તક્ની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલા હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકીનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ્ થવાને પાત્ર બનશે.

(૨) ફરજિયાત નિવ્રુત્તિ,રુખસદ, બરતરફ :-
અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તક ની કંપની કે બોર્ડ કોર્પોરેશન માંથી ક્યારેય પણ ફરજીયાત નિવ્રુત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે. નિમણૂંક મળ્યા બાદ આ બાબત ધ્યાન ઉપર આવશે તો નિમણૂંક રદ કરવામાં આવશે.

૬.અગત્યની જોગવાઈ:-

(૧) ભાવનગર મહાનગરપાલિકાની પસંદગી સમિતિને જરૂર જણાયે ખરેખર ભરવાપાત્ર સંખ્યા અને આવેલ કુલ અરજીઓની સંખ્યા ધ્યાને રાખી જે યોગ્ય જણાશે તેવી કટ ઓફ ટકાવારી નક્કી કરી મેરીટલિસ્ટ તૈયાર કરી, ફક્ત શોર્ટલિસ્ટેડ ઉમેદવારો ને લેખિત પરીક્ષા/ મૌખિક કસોટી માટે કોલલેટર ઈસ્યુ કરશે તેમજ જરૂર જણાયે આ શોર્ટલિસ્ટેડ ઉમેદવારો ને તેઓના અસલ પ્રમાણપત્રો તેમજ અન્ય આનુષાંગીક આધારોની ચકાસણી કરવા માટે જાણ કરવામાં આવશે.ફાઈનલ મેરીટ લિસ્ટ મૂળભૂત લેખિત પરીક્ષા /મૌખિક કસોટી માં મળેલ માર્કસની ટકાવારીને આધારે તૈયાર કરવામાં આવશે.

(૨) **સીનીયર ક્લાર્ક અને જુનીયર ક્લાર્ક** ની જગ્યા માટે મૂળભૂત લાયકાત **કોઇ વિદ્યાશાખાના સ્નાતક અથવા તેની સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ,તેની** ટકાવારીને આધારે લેખિતપરીક્ષા માટે મેરીટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે અને ૫(પાંચ) જગ્યા ભરવાપાત્ર હોય તેની સામે પસંદગી સમિતિ દ્વારા નક્કી કરવામાં આવે તેટલા ઉમેદવારોને લેખિત કસોટી / **કોમપ્યુટર પ્રોફિયસીન્સી** માટે કોલ લેટર ઇસ્યુ કરવામાં આવશે. મેરીટ લિસ્ટ તૈયાર કરતા સમયે અંતિમ ક્રમે આવતા સમાન ગુણવાળા તમામ ઉમેદવારોને લેખિત પરીક્ષા / મૌખિક કસોટી માટે કોલ લેટર ઇસ્યુ કરવામાં આવશે

(૩) ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન-લાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી ( એક કરતા વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૧/૨૦૧૬ ના જાહેર નામા ક્રમાંક GS/2015/2/BRT/102015/315/K થી મંજુર કરવામાં આવેલ પરીક્ષા પધ્ધતિ અનુસાર (૧) પ્રથમ તબક્કામાં લેખિત સ્પર્ધા**ત્મક કસોટી (OMR) ભાગ-૧** અને (૨) ત્યારબાદ બીજા તબક્કામાં ઉમેદવારોની **કોમપ્યુટર પ્રોફિયસીન્સી(કાર્યક્ષમતા) ટેસ્ટ ભાગ-૨** એમ બે કસોટીઓ લેવામાં આવશે. **કોમપ્યુટર પ્રોફિયસીન્સી (કાર્યક્ષમતા) ટેસ્ટમાં ઉતિર્ણ થવુ ફરજીયાત છે પરંતુ એ માત્ર ક્વોલીફાઇંગ ટેસ્ટ રહેશે. તેમાં મેળવેલ ગુણને ફાઇનલ મેરીટ તૈયાર કરતી વખતે ધ્યાને લેવામાં આવશે નહીં.માત્ર લેખિત પરીક્ષાના પરીણામ મુજબનું વેઇટેજ ગણવામાં આવશે.**

(૪) સરકારી/અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતાં ઉમેદવારો જો ઉક્ત જગ્યાએ પસંદગી પામશે તો તેઓએ મૂળ જગ્યાએથી રાજીનામું આપ્યા બાદ જ નિમાણૂંકની જગ્યાએ હાજર થવાનું રહેશે તેમજ તેઓની અગાઉની બજાવેલ ફરજનો સમયગાળો નિયમબધ્ધ કરી શકાશે નહીં/ ગણતરીમાં લેવામાં આવશે નહી.

(૫) ઓનલાઇન અરજી કરતા ઉમેદવારોએ અરજી ફોર્મમાં ભરવામાં આવેલ માહીતી / વિગતોમાં કોઇ ભુલ કે ક્ષતિ કરવામાં આવેલ હશે તો તે અરજી રદ ગણવામાં આવશે અને આ બાબતે કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

(૬) યુનિવર્સિટી અથવા કોઇ સંસ્થા માર્કસ **<u>ટકાવારીને બદલે CPI /CGPA/SGPA/OGPA /ગ્રેડ દર્શાવતી હોય</u>**, તો તેવા કિસ્સામાં ઉમેદવારે તે માર્કસને **<u>યુનિવર્સિટી અથવા સંસ્થાના માન્ય સુત્રમાં ટકાવારીમાં ગણતરી કરી અરજી ફોર્મમાં ટકાવારી જ દર્શાવવાની રહેશે</u>**. **<u>જો કોઇ ઉમેદવાર અરજી ફોર્મમાં CPI / CGPA / SGPA / OGPA /ગ્રેડ દર્શાવશે તો તેઓની અરજી ધ્યાને લેવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.</u>**

**(૭)** દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સજોંગોવશાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં..જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**(૮) પસંદગી પામનાર ઉમેદવારે મહાનગરપાલિકા દ્વારા નિયત કરાયેલ બોન્ડ/સંમતીપત્રક આપવાના રહેશે.**

**(૯) ફાઇનલ મેરીટ લીસ્ટમાં અગ્રતા ક્રમ ધરાવતા ઉમેદવારને જે તે કેટેગેરીવાઇઝ સીનીયર ક્લાર્ક ની જગા પર નિમણુંક આપવમાં આવશે અને ત્યાર બાદના ઉમેદવારોને જે તે કેટેગેરીવાઇઝ જુનીયર ક્લાર્ક ની જગા પર નિમણુંક આપવમાં આવશે**

<u>૭. રમતવીરો માટે</u> -

એથલેટીક્સ(ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ,હોકી, સ્વિમિંગ ટેબલ ટેનિસ, વોલિબોલ, ટેનિસ, વેઇટ લિફ્ટિંગ, રેસ્લિંગ, બોક્સિંગ, સાઇક્લિંગ,જીમનેસ્ટિક,જુડો, રાઇફલ શૂટિંગ, કબડ્ડી,ખો-ખો, તીરંદાજી,ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ,હેન્ડબોલની રમતો-ખેલકુદમાં (૧) રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા (૨) આંતર યુનિવર્સિટી અથવા (૩) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને માત્ર પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ)% ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારશ્રીના તા.૨૫-૨-૧૯૮૦ના ઠરાવ ક્રમાંક:સી.આર.આર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૧-૮-૧૯૯૦ના ઠરાવક્રમાંક:સી.આર.આર/1188/3644/ ગ.2 માં નિયત કર્યા મુજબના સતાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર સમિતિ માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતનાં ગુણ માટે હકદાર થશે.

<u>૮. લેખિતપરીક્ષા/મૌખિક કસોટી</u> **:-**

(૧) લેખિત પરીક્ષા/મૌખિક કસોટી ભાવનગર શહેર ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે .

(૨) લેખિત પરિક્ષાનું માધ્યમ જગ્યાની મુળ શૈક્ષણિક લાયકાતના કોર્ષને અનુરૂપ મહાનગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવશે અન્યથા ગુજરાતી રહેશે(અંગ્રેજી વિષયના પ્રશ્નોનું માધ્યમ અંગ્રેજી રહેશે.).

(૩) લેખિત પરીક્ષામાં ઉતિર્ણ થવા માટે કુલ ગુણના ઓછામા ઓછા 45% ગુણ હોવા ફરજીયાત રહેશે. 45% થી ઓછા ગુણ ધરાવતા ઉમેદવારો આગળની પ્રક્રિયા માટે ગેરલાયક ઠરશે

(૪) મહાનગરપાલિકાની કોઇ પણ સંવર્ગમાં સીધી ભરતીથી ભરવાપાત્ર જગાઓ પર નિમણુંક કાર્યવાહી કરતા પુર્વે તમામ પરીક્ષાર્થીઓના ગુણ ધરાવતા જનરલ મેરીટ લિસ્ટમાંથી, કુલ ગુણના ૫૦%થી વધુ ગુણ ધરાવતા ઉમેદવારોનું પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ તૈયાર કરવાનું રહેશે. આ મેરીટ લિસ્ટ પ્રસિધ્ધ થયેથી બે વર્ષ સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન જે-તે સંવર્ગમાં કોઇ પણ કારણોસર ખાલી પડેલ જગા કે જે સીધી ભરતીથી ભરવાપાત્ર થતી હોઇ તો તેવી જગાઓ પર આ મેરીટ લિસ્ટમાંથી જે-તે કેટેગરીવાઇઝ ઉમેદવારોને નિમણુંક આપી શકાશે.

(૫) ઉપરોક્ત દર્શાવેલ જગ્યાની સંખ્યામાં ફેરફાર કરવાનો કમિશ્નર,મહાનગરપાલિકા,ભાવનગરને અબાધિત અધિકાર રહેશે.

(૬) જાહેરાતની જોગવાઇઓના અર્થઘટન અને આ ભરતી પ્રક્રિયા બાબતે કમિશ્નર, ભાવનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા,
ભાવનગર

www.crexammaterials.in

## online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:

**આ જાહેરાતના સંદર્ભમાં ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે.**

ઉમેદવાર **તા.૨૦ /૦૪/૨૦૨૩, ૧૪:૦૦ કલાક થી તા. ૦૫/૦૫/૨૦૨૩** કલાક ૨૩:૫૯:૦૦ સુધીમાં http://ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

**નોંધ- આ વિગતો માત્ર ઉમેદવારના માર્ગદર્શન માટે છે.**

(૧) સૌ પ્રથમ http://ojas.gujarat.gov.inપર જવુ.

(૨) Apply Online Click કરવુ.
આ પ્રમાણે click કરવાથી (૧) More Details તથા (૨) Apply Now બટન દેખાશે.સૌપ્રથમ More Details પર click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો.અને ત્યારબાદ Apply Now બટન click કરવું.

(૩) **સીનીયર ક્લાર્ક અને જુનીયર ક્લાર્ક** ઉપર clickકરવાથી જગ્યાની વિગતો મળશે.

(૪) તેની નીચે Apply Now પર click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌપ્રથમ "personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "personal Details" માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે ભાવનગર મહાનગરપાલિકા ઉમેદવારનો સંપર્ક કરી શકે.

(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર Click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

(૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

(૭) Experience Details પર "click" કરવુ અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp. પર "click" કરી Details ભરવી.

(૮) Additional Information પર "click'' કરી ત્યાં માહિતી ભરવી. જો વધારાનો અનુભવojas Module માં સમાવિષ્ટ ન થતો હોય, તો સાદા કાગળ પર ojasમાં જણાવ્યા મુજબના અનુભવના કોઠા પ્રમાણે આપે વધારાના અનુભવની વિગત ઉમેરીને મોકલવી.

(૯) તેની નીચે "self-Declaration" માં Yes/ No પર click કરવુ.

(૧૦) હવે save પર "click'' કરવાથી તમારો Data Save થશે. અહિં ઉમેદવારનો Application Number generate થશે.

(૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે, આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહિં.

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો અહિં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ ok પર click કરો. અહિં Photoઅને Signature Upload કરવાના છે. (ફોટાનું માપ 5 સે.મી. ઉંચાઇ અને 3.6 સે.મી. પહોળાઇ અને Signature નું માપ 2.5 સે.મી. ઉંચાઇ અને 7.5 સે.મી પહોળાઇ રાખવી) ( Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (15KB) સાઇઝ થી વધારે નહિં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો Photo Store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "open" Button પર click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૧૩) હવે પેજના ઉપરના ભાગમા "Confirm Application "પર Click કરો અને "Application Number "તથા (૧)Birth Date Type કર્યા બાદ ok પર clicksકરવાથી (૨)બટન ૧.Application preview ૨. Confirm Application દેખાશે. ઉમેદવારે "Application preview " પર Click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ, અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઈપણ સુધારો થઈ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો ભાવનગર મહાનગરપાલિકામાં online સ્વીકાર થઈ જશે. અહીં confirmation number generate થશે જે હવે પછીની બધીજ કાર્યવાહી માટે જરૂરી હોય ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઈપણ જાતનો પત્ર વ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચુક કાઢી રાખવી.

(૧૪) ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan " ઉપર ક્લીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં ઉમેદવારોએ ભરવાની અરજી ફી નીચેના વિકલ્પથી ભરી શકે છે.
પોસ્ટ ઓફિસમાં :-બિન અનામત વર્ગના ઉમેદવારોએ રૂ.૫૦૦/- અને અનામત વર્ગના ઉમેદવારોએ રૂ. ૨૫૦/-ભાવનગર મહાનગરપાલિકાની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. .ભાવનગર મહાનગરપાલિકાની ફી +પોસ્ટલ સર્વિસ ચાર્જ તા ૦૮/૦૫/૨૦૨૩ સુધીમાં ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા Confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને ભાવનગર મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા ભાવનગર મહાનગરપાલિકાની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

(૧૫) ઉમેદવારોએ એ "Confirm " થયેલ અરજીપત્રક પોતાની પાસે સાચવીને રાખવાનું રહેશે અને જયારે પસંદગી પામેલ તથા પ્રતીક્ષા યાદીમાં રાખવામાં આવેલ ઉમેદવારોને અસલ પ્રમાણપત્રો રજુ કરવાની જાણ કરવામાં આવે ત્યારે "Confirm " થયેલ અરજીપત્રક રજુ કરવાનું રહેશે.

(૧૬) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી . આમ છતાં, સંજોગોવશાત, જો કોઈ ઉમેદવારે એક થી વધુ અરજી કરેલ હશે તો છેલ્લી "Confirm"થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી "Confirm " થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી "confirm " થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય તો આ ઉમેદવારની નિયત ફી સાથે ની "Confirm " થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે . જો ઉમેદવારે એક થી વધુ અરજી સાથે ફી ભરેલ હશે તો તે રિફંડ કરવામાં આવશે નહિ.

**<u>અરજી ફી :</u>**

(૧) બિન અનામત વર્ગના ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં રૂ.૫૦૦/- અને અનામત વર્ગના ઉમેદવારોએ રૂ. ૨૫૦/-ભાવનગર મહાનગરપાલિકાની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે.

(૨) અન્ય રાજ્યના અનામત ઉમેદવારોને ગુજરાત રાજ્યમાં અનામતનો લાભ મળવાપાત્ર થતો ન હોય તેઓએ ઉપર મુજબ ફી ભરવાની રહેશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારને કોઇ પણ સંજોગોમાં **લેખિત પરીક્ષા / કોમપ્યુટર પ્રોફિયસીન્સી (કાર્યક્ષમતા) ટેસ્ટ**માં બેસવા દેવામાં આવશે નહી. આ ફી ફક્ત પોસ્ટ ઓફીસ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહીં, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

<u>ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર, આ જગ્યા ના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે</u>.

નોંધ; **સીનીયર કલાર્ક અને જુનીયર કલાર્ક** જગ્યાની જાહેરાતની અન્ય વધુ વિગતો ભાવનગર મહાનગરપાલિકાની કચેરીના નોટીસબોર્ડ અને ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઇટ www.bmcgujarat.com તથા ઓજસ વેબસાઈટ ઉપર જોવા મળશે.